કિંમત : રૂા. ૨૫.૦૦*

- વર્ષ દરમિયાન કુલ ૧૨ અંકો (૬ અંક અને ૬ પુસ્તિકાઓ.)
- લવાજમ વર્ષ માટે વિકલ્પ : જુલાઈથી જુન કે જાન્યુઆરીથી ડિસેમ્બર.
- લવાજમ : વાર્ષિક રૂા. ૨૫૦/- ૩ વર્ષ : રૂા. ૭૦૦/-
  **૫ વર્ષ** : રૂા. ૧૨૦૦/- **આજીવન** : રૂા. ૭૦૦૦/-
  **વિદેશ લવાજમ : વાર્ષિક રૂા. ૧૨૫૦/- ૫ વર્ષ માટે રૂા. ૬,૦૦૦/-**

''વિચારવલોણું પરિવાર'' નું વાર્ષિક લવાજમ આપના વિસ્તારમાં આવેલી દેના બેંકમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો. (ચેક **''વિચારવલોણું પરિવાર''** ના નામનો લખવો, શાખાઃ **લો-કોલેજ રોડ, અમદાવાદ**, સેવિંગ્ઝ ખાતા નં. **૦૫૪૯૧૦૦૦૨૫૨૨**માં જમા કરાવવો) રકમ જમા કરાવ્યા બાદ તેની બેંકની અસલ રિસીપ્ટ વિચારવલોણું પરિવાર, અમદાવાદની ઓફિસમાં નીચે જણાવેલ સરનામે મોકલી આપવી. ઈન્ટરનેટ બેંકિંગ માટે અમારો IFSC No. BKDN0110549 છે.

મનીઓર્ડર તથા બેંક ડ્રાફ્ટ દ્વારા પણ લવાજમ અમદાવાદની ઓફિસે મોકલી શકાય છે.

ઓફિસ સમય : **૧૧.૦૦ થી ૬.૦૦**


**સ્થાપક :** **સુરેશ પરીખ**
આલાપ બંગ્લોઝ, સંજય સોસાયટી, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭ — ફોન : ૯૭૨૬૩૬૬૭૦૪

**પ્રકાશક :** મુનિ દવે — ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭
**વ્યવસ્થાપક :** વિજય બરફીવાલા — ફોન : ૯૯૧૩૨૩૯૬૫૭
૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ઓક્ષફર્ડ ટાવર સામે, ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
E-mail : vicharvalonun@yahoo.co.in — Web: www.vicharvalonu.com

**કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ :** અનુરાજ ગ્રાફિક્સ, ફોન : ૯૮૯૮૦ ૩૮૪૫૨
**મુદ્રણ :** શ્રી ગણેશ ઓફસેટ, શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા, શાહીબાગ, અમદાવાદ
**આવરણ ડિઝાઈન :** નિર્મલ સરતેજા


**સંપાદક ગણ**


**તરુણ શાહ** — બી-૧/૯, અગ્રવાલ ટાવર્સ, સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૧ — ફોન : ૯૪૨૬૩ ૮૩૦૦૮
**પ્રજ્ઞા પટેલ** — આત્મન્, ૧૬૮૭/૧, સેકટર-૨ ડી, ગાંધીનગર-૩૮૨૦૦૨. — ફોન : (૦૭૯) ૨૩૨૨૮૮૩૩
**નિરંજન શાહ** — 'સ્મૃતિ', કલ્યાણ સોસાયટી, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ — ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯
**મુનિ દવે** — ૮૦૪, સગુન પેલેસ, શિવરંજની ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫ — ફોન : (૦૭૯) ૨૬૭૫૧૩૫૭


Bhagvadgitama Javabdar Netrutva by Ashok Pandya

* આ પુસ્તિકાની છૂટક કિંમત રૂા. ૪૦/- રહેશે.

# ભગવદ્ગીતામાં જવાબદાર નેતૃત્વ

(મૂળ લેખક : ગુરુજી જી. નારાયણ)

: ભાવાનુવાદ :

અશોક પંડ્યા

● પ્રકાશક ●

**વિચારવલોણું પરિવાર**

અમદાવાદ

## નિવેદન

આપણને કેટલાક લેખકોની ભાષા વાંચવામાં અઘરી લાગે છે. કેટલાકના લખાણમાં કંઈ સમજાતું નથી. કેટલીક ભાષા અઘરી લાગવા છતાં કહીએ છીએ કે બહુ સારું લખાણ છે.

Facebook અને Whatsapp ના જમાનામાં ગમે તેવી ભાષામાં લખાયેલા નબળા લેખ કવિતાને પણ મિત્રો દ્વારા સેંકડો likes મળતા હોય ત્યારે ભાષાની આવી વાતો થોડી વિચિત્ર તો લાગશે પણ એક સજાગ અને ભાષાપ્રેમી વાચક માટે એ અગત્યનું બની રહે છે કે આપણામાં ભાષાના યોગ્ય સ્વરૂપનો ખ્યાલ પણ બંધાય. આપણને લખવાનું શૂરાતન તો બહુ ચડે છે પણ ભાષાની સજ્જતા નથી. એ માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવા પડે. ઉત્તમ સાહિત્યકારોને અને સાહિત્યના વિવેચનોને પણ વાંચવા પડે. વ્યવસ્થિત વાક્યરચના કરતા શીખવું પડે. અંગ્રેજી શબ્દોનો ઉપયોગ ઓછો કરવા પ્રયાસ કરવો પડે. આપણું શબ્દભંડોળ વધારવું પડે. આ થોડું આકરું તો પડે પણ એ વગર છૂટકો નથી.

ઉમાશંકર જોષીએ ક્યાંક લખ્યું છે કે :

'પોતાના લખાણ સિવાય બીજુ વાંચી શકવાને કેવળ અસમર્થ એવા વર્ગનું આપણે ત્યાં અસ્તિત્વ હોવાનો મને ભય છે. આ અજ્ઞાનનો કેફ એ તો કલાકારને માટે આત્મઘાતક ગણાય. તમે જગતને શીખવવા કે આનંદ આપવા નીકળ્યા છો, તો આજ સુધી જે મહાપુરુષો શીખવતા કે આનંદ આપતા આવ્યા છે એમનો અવાજ તો બે ઘડી સાંભળી લો!

મહાન કલાસર્જકોનાં પગરખાંમાં પગ નાખવાનો અધિકાર સિદ્ધ કલાકૃતિઓના પરિશીલન વિના મેળવી શકાય કે કેમ, એ શંકાની વાત છે.

શબ્દનો વિવેક, શું ગદ્યમાં કે શું પદ્યમાં, લેખકની મોટી કસોટી છે. ઘણા મોટા કલાકારોનું શબ્દ ભંડોળ મોટું હોતું નથી. પણ એમણે શબ્દ પસંદગીમાં પોતાની મહત્તા સારી પેઠે દાખલેવી દાખવેલી હોય છે. શબ્દની ઔચિત્યબુદ્ધિથી જ પસંદગી થવી જોઈએ. મીઠા મીઠા કે ભવ્ય શબ્દોનો શોખ કવિ-લેખકની સહજ શક્તિઓને અન્યાયકર્તા થઈ પડે છે.

શબ્દો સરળ હોય, સમજાય એવા હોય છતાં આખા લેખનું કાંઈ મોંમાથું સમજાય નહિ એવું બને. અને આખા લખાણનું પ્રધાન સૂત્ર જો એકવાર હાથમાં આવી ગયું હોય તો વચ્ચે વચ્ચે અઘરા શબ્દોથી કોઈ મુશ્કેલી ન આવે. લેખક સરળ શબ્દ યોજે અને આપણે કંઈ જ ન પામીએ એ કરતાં થોડાક અપરિચિત શબ્દોનો ભેટો કરવાના ભોગે પણ કંઈક પહોંચાડવા મથતા લેખકનો આદર કરીએ. ખાલીખમપણું એ સરળતા નથી.'

ઘણા લેખો અને પુસ્તિકાઓના લખાણોને વાંચતાં, સમજતાં અમને ખાસ્સો શ્રમ પડે છે. તેને સુપાચ્ય બનાવવા બહુ મહેનત કરવી પડે છે. અમારી મર્યાદિત આવડત સાથે એ કામ કરીએ છીએ. ઈચ્છા અને પ્રયાસ તો એવા રહે જ છે કે આપણી પુસ્તિકાઓ વિષય, રજૂઆત અને ભાષાની દૃષ્ટિએ પણ ઉત્તમ હોય.

**મુનિ દવે**

વિચારવલોણું પરિવાર, ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭

## ''ભગવદ્ગીતા''માં જવાબદાર નેતૃત્વ

મેનેજમેન્ટ નિષ્ણાત તરીકે ભારતમાં પ્રસિદ્ધ ગુરુજી શ્રી જી. નારાયણનું અદ્ભુત એવું સર્જન ''ભગવદ્ગીતામાં જવાબદાર નેતૃત્વ'' ઘણાં વાંચકોને કંઈક અંશે આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોય તેટલી હદે પ્રભાવિત કરશે, વળી કેટલાંકને પ્રશ્ન થશે કે મેનેજમેન્ટમાં નેતૃત્વને 'ગીતા' સાથે શા લેવા-દેવા? શ્રી જી. નારાયણે તારવેલાં અર્થો આપણને બહુ જ સહજતાપૂર્વક સંમત કરાવે છે કે વેદાંત એ વ્યવહારુ છે. સફળ થવા અને આપણા કાર્યક્ષેત્રમાં અપ્રતિમ સિદ્ધિ મેળવવા માટે જીવનવ્યવહારમાં અપનાવવા તેમજ અજમાવવા માટે વેદાંત છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે ધર્મ તરીકે વેદાંતનું દર્શન તીવ્રપણે વ્યવહારુ હોવું જોઈએ. જીવનના દરેક હિસ્સામાં તે ઉપયોગમાં લઈ શકાતું હોવું જોઈએ. પૂરેપુરા જીવનકાળ દરમ્યાન જિંદગી જીવવા વિશે વાત કરે છે. જ્યારે આપણે ભગવદ્ગીતા વિશે વાત કરીએ ત્યારે આપણે જાણીએ છીએ તેમ 'ગીતા' એ તો વેદાંતના તત્ત્વજ્ઞાન વિશેનું ઉત્કૃષ્ટ ભાષ્ય છે. ગીતાના પ્રત્યેક પૃષ્ઠમાં, પ્રત્યેક શબ્દમાં પ્રગટતો ઉપદેશ આત્યંતિક પ્રવૃત્તિનો નિર્દેશ કરે છે, પરંતુ વાસ્તવમાં તેની અંદર જ પરમ શાંતિ રહેલી છે.

શ્રી જી. નારાયણનું આ સર્જન વાસ્તવમાં સ્વામી વિવેકાનંદના વિચારોનું દોહન છે, તેમના ગહન ચિંતનની શોધયાત્રા છે. ગીતાના જુદા જુદા અધ્યાયોમાં મેનેજમેન્ટ ક્ષેત્રે નેતૃત્વ કરતા નેતાઓ માટે ખૂબ જ વ્યવહારુ સંદેશાઓ તથા માર્ગદર્શનો લેખક શોધી કાઢે છે. ઉદાહરણ રૂપે ગીતાના ખૂબ જ જાણીતા કથન क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्वच्युपपद्यते માં લેખકને વિકટ પરિસ્થિતિમાં મુકાયેલા નેતા માટે બહુ મહત્ત્વનો સંદેશ નજરે ચડે છે. અત્યંત કફોડી પરિસ્થિતિમાં જ્યારે સિદ્ધિ મેળવનાર નેતા અને આ સિદ્ધિ માટે પૂરતું યોગદાન આપનાર કાર્યકરને અનેક નબળાઈઓ ઘેરી વળે છે ત્યારે જવાબદાર નેતા મૂંઝવણમાં મૂકાયેલા કાર્યકરને તેની આંતરિક તાકાતની યાદ અપાવે છે અને આવી નાજુક સ્થિતિમાં નબળાઈ પ્રદર્શિત કરવાની અવ્યવહારિતા પ્રત્યે ધ્યાન દોરે છે. આમ, નેતા નમતું જોખવાની-પીછે હઠ કરવાની - જતું કરવાની કે રણ છોડી જવાની કાર્યકરની વૃત્તિને રોકે છે. જવાબદાર નેતા ટુકડીના સભ્યોની નૈતિકતાને બળ આપે છે અને જાગૃત બની, આવી પડેલી પરિસ્થિતિ સામે બાથ ભીડવા માટે હિંમત પૂરી પાડી પ્રોત્સાહિત કરે છે. આ જ રીતે, ઘણા શ્લોકોનું સરળ અને સ્પષ્ટ અર્થઘટન જવાબદાર નેતા અને તેના સાથીદારોના સંદર્ભે વિલક્ષણ રીતે કરે છે, તેટલું જ નહીં, પણ આજના યુગમાં ગીતાનો ઉપદેશ અર્થાત્ વેદાંત કેટલી હદે પ્રસ્તુત છે તે દર્શાવે છે. મેનેજમેન્ટ ક્ષેત્રમાં કાર્યરત નેતાઓને લેખકનો અભિનવ દૃષ્ટિકોણ ઘણો લાભપ્રદ નીવડી શકે, જો તેઓ જગતના અત્યંત વ્યવહારુ છતાં પૂર્ણરૂપે આધ્યાત્મિક ગ્રંથ ભગવદ્ગીતાના રત્ન જેવા શ્લોકો અને તેના વ્યવહારુ અર્થઘટન પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરે.

(સ્વામી જિતાત્માનંદની પ્રસ્તાવનામાંથી ટૂંકાવીને)

## મારી વાત ... ભગવદ્‌ગીતામાં જવાબદાર નેતૃત્વ

આજે ૨૦૧૭ની સાલમાં 'ભગવદ્‌ગીતામાં જવાબદાર નેતૃત્વ' પુસ્તક રૂપે પ્રકાશિત થતા આનંદ તથા સંતોષની લાગણી અનુભવું છું. આ પુસ્તક વાસ્તવમાં એક લેખમાળા રૂપે સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના પ્લાનિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રતિમાસ પ્રકાશિત કરવામાં આવતી પત્રિકા 'પ્લાનિંગ ડાયજેસ્ટ'માં જુલાઈ ૧૯૯૯થી જુલાઈ ૨૦૦૧ દરમ્યાન પ્રકાશિત કરવામાં આવેલી. કાળજીપૂર્વક પસંદ કરાયેલા ૨૭ શ્લોકોનો આ લેખમાળામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૯૯૯થી ૨૦૦૧ના સમય દરમ્યાન હું સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના પી.એફ. અને પેન્શન વિભાગમાં ફરજ બજાવતો હતો. સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના તત્કાલીન કર્મચારી મુરબ્બીશ્રી જનાર્દનભાઈ ભટ્ટે મને ઝેરોક્ષ કરેલા થોડાં કાગળોમાં છપાયેલું લખાણ વાંચવાનું સૂચન કર્યું. આ ઝેરોક્ષ કરેલાં લખાણોમાં મને બહુ મૂલ્ય ખજાનો મળી ગયો. મેનેજમેન્ટ એક્ષપર્ટ અને મેનેજમેન્ટ ગુરૂ તરીકે ખૂબ જ નામના ધરાવતા ગુરુજી શ્રી જી.નારાયણ દ્વારા લખાયેલ "Responsible Leadership in Gita" નામક લેખમાળા હતી. કોઈ ઈન્ડસ્ટ્રીઝ માટે તેમણે ભગવદ્‌ગીતાના ચૂંટેલા ૨૭ શ્લોકોનું અંગ્રેજીમાં ભાષાંતર કરેલું અને તેનો ટૂંકસાર સાદી-સરળ અંગ્રેજીમાં રજૂ કરેલો હતો. મુ. શ્રી જનાર્દનભાઈના સૂચનનો સ્વીકાર કરીને આ લેખમાળાનું સરળ ગુજરાતીમાં રૂપાંતરણ કરવાનું બીડું ઝડપ્યું. જેમ જેમ હું વાંચતો ગયો તેમ તેમ દરેક શ્લોકનું ગહન ચિંતન અને તેનાં ગૂઢાર્થો સમજાતા ગયા. દરેક શ્લોકને મારી સમજણ-આવડત અને અનુભવને આધારે મારી રીતે શબ્દદેહ આપ્યો.

આ લેખમાળા ગુજરાતીમાં તૈયાર થઈ ગયા બાદ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં ફરજ બજાવતા સ્ટાફ મિત્રો સુધી પહોંચાડવા માટે મુ. શ્રી જનાર્દનભાઈએ પ્લાનિંગ ડિપાર્ટમેન્ટના તે સમયના વડા શ્રી કૃષ્ણકુમાર સાહેબ સાથે રજૂઆત કરી અને પ્લાનિંગ વિભાગ દ્વારા પ્રતિમાસ પ્રકાશિત થતી પત્રિકા 'પ્લાનિંગ ડાયજેસ્ટ'ના છેલ્લા પાના ઉપર પ્રતિમાસ એક શ્લોક અને તેનો ભાવાનુવાદ પ્રકાશિત કરવા માટે સંમતિ મેળવી લીધી. તદ્‌અનુસાર જુલાઈ-૧૯૯૮થી જુલાઈ ૨૦૦૧ દરમિયાન આ લેખમાળાની શૃંખલાના ૨૭ શ્લોકો (કોઈ મહિને એકથી વધારે પણ લીધેલા)ને સ્ટાફ મિત્રો સુધી સરળતાથી પહોંચાડી શકાયા. બેંકમાં કાર્યરત સ્ટાફમિત્રો દ્વારા લેખમાળાને બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

આજકાલ કરતાં આશરે ૧૬ વર્ષ વીતી ગયા. જો કે આ લેખમાળાને પુસ્તક રૂપે પ્રકાશિત કરવાનું એક સપનું તો ઘણાં સમયથી હતું.

- આજે જ્યારે મારું - મારા ધર્મપત્ની નીલા, પુત્ર નંદન અને પુત્રી ચાર્વીનું સપનું સાકાર થઈ રહ્યું છે ત્યારે અમે આનંદ-સંતોષ અને ગૌરવ અનુભવીએ છીએ. આ પુસ્તક

પ્રકાશન પામ્યું ત્યાં સુધીની યાત્રામાં ઘણાનો પ્રત્યક્ષ-પરોક્ષ ફાળો છે તે સર્વેનો ઋણ સ્વીકાર કરું છું - આભારી છું.

- સૌ પ્રથમ મેનેજમેન્ટ એક્ષપર્ટ અને મેનેજમેન્ટ ગુરુ પરમ આદરણીય ગુરુજી શ્રી જી. નારાયણનો ખૂબ ખૂબ આભાર માનું છું. તેમની લેખમાળાને ગુજરાતીમાં રૂપાંતરિત કરી, પ્રકાશિત કરવા માટેની સંમતિ વિના મારું આ સપનું હકીકત ન બન્યું હોત. આમ, શ્રી ગુરુજી આ અભિયાનના મુખ્ય પ્રેરણા સ્રોત છે. હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરું છું.
- મુ. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ - જેમણે મને આ લેખમાળા આપી અને લખવા માટે પ્રોત્સાહિત કર્યો.
- પ્લાનિંગ ડિપાર્ટમેન્ટના જે તે સમયના અધિકારીઓ આદરણીય શ્રી કૃષ્ણકુમારજી અને શ્રી એસ.કે. મિશ્રાજી
- મારા સાળા શ્રી દીપકભાઈ ભટ્ટ - જેમણે ગુરુજી શ્રી જી. નારાયણની મુલાકાત કરાવી.
- આ પુસ્તિકા માટે પરિચયાત્મક લખી આપવા માટે મુંબઈ નિવાસી સુશ્રી ઈંદુબેન સંપત.
- મારા મિત્ર શ્રી રોહિતભાઈ રાઠોડ જેમણે સુશ્રી ઈંદુબહેનનો પરિચય કરાવ્યો.
- આ ભગીરથ કાર્ય માટે પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપા થઈ છે તે માટે કોટિ કોટિ વંદન કરું છું.

૧-૧-૨૦૧૭ **અશોક પંડ્યા**

ભાવનગર

## आ नो भद्राः ऋतवो यन्तु विश्वतः

'व्यासोच्छिष्टं जगत सर्वम्' ની દશોદિગંત વિજયી અભિવંદનાના અધિકારી મહાગ્રંથ મહાભારતનો સર્વગ્રાહી સાર, સમગ્રવર્તી અર્ક અથવા સંઘેડાઉતાર ટચુકડો સંદેશ-ગુટકો (પુસ્તિકા) એટલે શ્રીમદ્ ભગવદ્‌ગીતા.

બેઉ દુશ્મન પક્ષના મળીને, મૃત્યુંજયી એવા ભીષણ યોધ્ધાઓનું કુલે અઢાર અક્ષૌહિણી સૈન્યનું કલ્પનાતીત સંખ્યાબળ ધરાવતા મહાભારતના યુદ્ધની પ્રત્યક્ષ મધ્યવર્તી રણભૂમિ પર, અણીના સમયે હથિયાર હેઠા મૂકી દઈને પોતાની અંગત માયા-મમતાગત નિર્બળતાને ઢાંકવા, મિથ્યા નૈતિકતાનું ડહાપણ ડહોળતા વિષાદયોગમાં ગરક થઈ ગયેલા, 'કલીબતા'નું પ્રદર્શન કરનારા અર્જુનને એના અભિજાત ક્ષાત્રત્વનું ભાન કરાવનાના નિમિત્તે સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે ઉપદેશેલ 'પ્રજ્ઞાબોધ'નું આ ગાણું-ગીત એટલે શ્રીમદ્ ભગવદ ગીતા.

તેથી જ સાતસો શ્લોકો ધરાવતી આ સંવાદ-ગીતકૃતિ માત્ર ભારતને જ નહીં પરંતુ સમસ્ત સંસારને મળેલી એક અદ્‌ભુત અલૌકિક ભેટ છે, જેમાં આધિભૌતિક, આધિવૈદિક તેમજ આધ્યાત્મિક એવી અસહ્ય આપત્તિઓ કે કસોટીઓમાંથી પાર ઉતારનારી અમોઘ જડીબુટ્ટિઓ છે.

તેમાંય જયારે, જેમ ક્રિસ્ટલ કાચના પાસાદાર જામમાં ભરેલો 'આસવ' એના નિત્યના અનુરાગી માશુકને હરેક ઘૂંટે તદ્દન અલગ અલગ આકાર, ઊભાર, રંગછટા, માદકતા, મોહકતાથી આકર્ષે તેવી રીતે ભારતભરના તથા વિશ્વભરના ચિંતકો, સંશોધકો, વિદ્વાનોને સદીઓથી શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પોતપોતાની વિલક્ષણ સોચ-સમજ તથા લક્ષ્ય મુજબના વિવિધ ક્ષેત્ર સંબંધી અર્થદોહન સાંપડ્યા છે. વ્યવસ્થાપન-સંચાલન-સંવર્ધન માટે આવશ્યક નેતૃત્વના વિચારબીજ (concept) ને કેન્દ્રવર્તી વિષય બનાવીને વર્તમાન વ્યાવસાયિક વિશ્વના નામાંકિત મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ - મેનેજમેન્ટ ગુરુ, શ્રી જી. નારાયણ પ્રાયોજિત The Responsible Leadership in Gita નું હેતુલક્ષી ભાષાંતર કરીને ગુજરાતીભાષી વ્યાવસાયિક મિત્રો સુધી પહોંચાડવાનો સ્વયં સ્ફુરિત મનોરથ સાકાર કરવાની તક, શ્રી અશોકભાઈ પંડ્યાએ SBS ના તે સમયના કર્મચારી શ્રી જનાર્દનભાઈ ભટ્ટની પ્રેરણાથી ઝીલી લીધી. ૨૦૦૮માં SBI માં મર્જર-વિલિન થયા પહેલાની, તત્કાલીન એસ.બી.એસ.ના પ્લાનિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રતિમાસ બહાર પાડવામાં આવતી પત્રિકા (જેમાં જે તે માસ દરમ્યાન બેંકમાં થયેલી કામગીરીનું વિવરણ આપવામાં આવતું) 'પ્લાનિંગ ડાયજેસ્ટ'ના માધ્યમથી ૨૭ લેખોની લેખમાળાનો આરંભ થયેલો. એસબીએસમાં કાર્યરત સાથી કર્મચારીઓમાં આ લેખમાળા બહુ જ લોકપ્રિય થયેલી અને પ્રશંસનીય રહી હતી.

પ્લાનિંગ ડાયજેસ્ટમાં પ્રકાશિત થયેલી ધારાવાહિક ટચૂકડી લેખમાળાની સંકલિત આવૃત્તિ એટલે અહીં પ્રસ્તુત પુસ્તક ''ભગવદ્‌ગીતામાં જવાબદાર નેતૃત્વ''.

ભગવાન શ્રીકૃષ્ણના પાત્રમુખે ગીતાના વિચાર-મુક્તકોને પ્રસ્તુત કરનાર વ્યાસ મહર્ષિ અસલમાં તો વેદોના પુરસ્કર્તા રૂપે વિશેષ પૂજનીય તથા આદરણીય ગણાયા છે. એ દૃષ્ટિએ વેદત્રયી એટલે ઋક, યજુસ અને સામ એ ત્રિવિધ આદ્ય સર્જન-કૃતિઓમાં આપણી આર્યસંસ્કૃતિની નસનસમાં વણાયેલી 'સાદું જીવન અને ઉચ્ચવિચાર'ની જીવનશૈલીનો ચિતાર સતત તાદૃશ થતો રહે છે, તેથી સામાન્ય માનવીથી માંડીને પરમહંસની અવધૂત કક્ષાની વિદેહી અવતારી વિભૂતિઓ સુધી સૌને શ્રીમદ્ ભાગવત ગીતામાંથી નર્યો વાસ્તવિક, વ્યાવહારિક અનુભવ નીતર્યો બોધપાઠ અર્થાત્ Moral Lesson સાંપડે છે.

આપણા ગણમાન્ય વરિષ્ઠ નેતા શ્રી બાળગંગાધર ટિળક હોય કે યોગ સાધનાના અઠંગ મહારથી, સાધક મહર્ષિ અરવિંદ હોય, વિશ્વપ્રથિત અધ્યાત્મ તજ્જ્ઞ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનન હોય કે દાર્શનિક તત્ત્વખોજની બેજોડ બાદશાહતની ફિતરત ધરાવતા ઓશો રજનીશ હોય, સર્વેએ શ્રીમદ્ ભગવદ્ગીતાને વેદાંતિક અધ્યાત્મક્ષેત્રના સારગર્ભ સ્વરૂપે મૂલવી છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા એ તો કર્મ, અકર્મ, વિકર્મ, પ્રવૃત્તિ, નિવૃત્તિની ચર્ચા દ્વારા કર્મયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ ઈત્યાદિ વિવિધ માર્ગે સ્વરુચિ અને નિજ-ક્ષમતા મુજબ સફળ જીવનચર્યા આયોજવા માટે અંગુલિનિર્દેશ કર્યો છે. પરંતુ જેવી રીતે અંતતઃ તો 'सर्वदेव नमस्कारं केशवं प्रतिगच्छति' ના એક સર્વસ્વીકૃત તથ્યની જેમ સરેરાશ મનુષ્ય તો પ્રવૃત્તિરત જિંદગી જીવવાની સ્વભાવગત પ્રકૃતિ હંમેશા ધરાવતો હોય છે. તેથી આ જિંદગીભર સતત પ્રવર્તમાન રહેતી પ્રવૃત્તિને પથ-પ્રદર્શક યોગ્ય રાહબર સાંપડી રહે તે માટે તીવ્ર તલસાટ પણ આમ આદમીમાં નિરંતર ઊભરતો જોવા મળે છે.

આવી પરિસ્થિતિમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના જ બીજા અધ્યાયથી માંડીને છેક અઢારમાં અધ્યાય સુધીની ચિંતનપ્રધાન દડમજલ કરાવતાં શ્રી જી. નારાયણની કૃતિના નકશેકદમ પર કૂચકદમ કરતાં કરતાં શ્રી અશોકભાઈએ પોતાની માતૃભાષામાં એક નાનકડી મશાલ પ્રજ્વલિત કરવાની સિદ્ધિ સહજપણે હાંસલ કરી જાણી છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના અંતિમ શ્લોક 'यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः' માં કૃષ્ણ અને અર્જુનના પાત્રોને અનુક્રમે દિશા અને ગતિશીલતાના પ્રતીકરૂપે પ્રસ્તુત કરીને જવાબદાર નેતૃત્વના યશશિખર પર કળશ ચઢાવવાની કારીગરી કરીને લેખકે આ ટચુકડી લેખમાળાને ઉત્તમ અને મૌલિક ટચુકડા સર્જનોની ગુણિયલ હરોળમાં સહજપણે સ્થાન અપાવી દીધું છે.

'પ્લાનિંગ ડાયજેસ્ટ'માં તો જે વ્યક્તિ, ઘટના, પ્રકલ્પ કે સંસ્થાને પદોન્નિતની લાંબા ગાળા સુધીની ઊંચી ઊડાનો ભરવાની હોય તેની હરણફાળો-છલાંગોના પરાક્રમોની વિગતો આંખે ઊડીને વળગતી હોય. તેમાં 'પેન્શન ડિપાર્ટમેન્ટ'ના નિવૃત્તિ સૂચક વિભાગમાં કાર્યરત

કર્મયોગી શ્રી અશોકભાઈએ આ 'આત્યંતિક પ્રવૃત્તિ'ની આગવી કેડી કોરીને એક નવો જ ચીલો ચાતર્યો છે.

મુગટ પરની કલગીની જેમ, તેમાં ય ગુરુજી શ્રી જી. નારાયણ જેવા યશસ્વી મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની અંગ્રેજી પુસ્તિકાના ભાવાનુવાદ કરવાની અર્થાત્ બેઠા તરજૂમાને બદલે, સ્વ-કૌશલ્યનો લસરકો મારવાની છૂટ લેવાની હિંમત દાખવીને લેખકે 'સર્જનશીલ કલમને કોઈ બંધનના સીમાડા નડતા નથી' એ પૂરવાર કરી દેખાડ્યું છે.

અંતમાં આ પ્રસ્તાવનાના શીર્ષકમાં જણાવ્યા મુજબ લેખકશ્રીએ સમસ્ત સૃષ્ટિના કોઈ પણ ક્ષેત્રની કોઈ પણ સદયજ્ઞ સ્વરૂપની ગતિવિધિમાંથી કલ્યાણકારી વિચારબીજ સાંપડતા રહે, અને તેમણે સ્વયં કંડારેલી આ સર્જનની કેડી પર 'જવાબદારી નેતૃત્વ'ની આવી તેજસ્વી મશાલ તેમને સદાય પથપ્રદર્શક, દોડવીર, તરીકે અગ્રેસર બનાવે એ 'અખંડ કર્મવીર્યવર્ધક' નિરંતર જ્ઞાનતેજવર્ધક તથા વિશુદ્ધ ભક્તિશક્તિ વર્ધક એવી શ્રીમદ્ ભગવદગીતાના ગાયક કૃષ્ણ પ્રભુ પાસે હાર્દિક અભ્યર્થના.

મુંબઈ **ઈન્દુ સંપત**
૧૯-૧૦-૨૦૧૬



Dt. 19-2-2017

It gave great joy to see and go through “Bhagvadgitama Javabdar Netrutva”, which is the Gujarati version of “The Responsible Leadership in Gita” by Shri Ashokbhai Pandya former Chief Manager of State Bank of India - Stata Bank of Saurashtra.

This is not just a translation but the transformation of spirit, system and secret of Gita into a Shining and Short Gujarati Presentation.

Shri Ashokbhai contacted me for the consent for the gujarati transformative version in 2000 and it gave great happiness to welcome the idea.

Now after sixteen years Ashokbhai has realised his dream and vision for presenting the same vision in book form to Gujarati people. In the meantime he offered it to Gujarati members of state bank admiration and the same is received with enthusiasm and great interest.

Deep appreciation and admiration is due to Shri Ashokbhai for his perception, purpective, perspective and persistance.

Deep thanks are to Shri Deepakbhai Ratilal Bhatt for introducing Shri Ashokbhai in 2000 at Excel industries, Bhavnagar which is a divine centre for learning, contributing and excelling.

It is certain that this book will inspire many leaders and contributors.

With best wishes and love and light.

Namaste.

Dt. 19-02-2017 G. Narayan
Vadodara

## Encouraging Leadership

क्लैब्यं मा स्म गमः पार्थनैतत्त्वय्युपपद्यते
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥
(2-3)

Yield not, Partha, to weakness;
it is not fit to be feeble like this.
Weakness of heart is low, unwise,
"Terror of enemies"! get up and rise!

## પ્રોત્સાહક નેતૃત્વ

અત્યંત કફોડી સ્થિતિમાં જ્યારે સિદ્ધિ મેળવનાર નેતા અને તેમાં પૂર્ણ યોગદાન આપનાર કાર્યકરને અનેક નબળાઈઓ ઘેરી વળે છે ત્યારે જવાબદાર નેતા મૂંઝવણમાં મુકાયેલા સાથી-કાર્યકરને તેની આંતરિક તાકાતની યાદ અપાવે છે અને આવી નાજુક પરિસ્થિતિમાં નબળાઈઓ પ્રદર્શિત કરવાની વ્યવહારિકતા પ્રત્યે ધ્યાન દોરે છે. આમ, જવાબદાર નેતા નમતું જોખવાની, પીછે હઠ કરવાની કે રણ છોડી જવાની સાથી-કાર્યકરની વૃત્તિને રોકે છે. જવાબદાર નેતા ટુકડીના સભ્યોની નૈતિકતાને બળ પૂરું પાડે છે અને સભ્યોને જાગૃત બની, આવી પડેલી પરિસ્થિતિ સામે બાથ ભીડવાની હિંમત આપી, પ્રોત્સાહિત કરે છે.

ખૂબ જ મુશ્કેલ અને ડામાડોળ સંજોગોમાં પ્રગટ થતી પોતાની અણીશુદ્ધ હિંમતને પ્રયોજીને જવાબદાર નેતા સર્વસ્વ ગુમાવી દેનાર સાથી કાર્યકરમાં શક્તિનો ફરી સંચાર થાય અને તે વિજય મેળવવા ફરી તત્પર બને એ માટે પૂરતું માર્ગદર્શન કરીને, હારેલા સાથીને નિશ્ચિતપણે વિજેતામાં રૂપાંતરિત કરીને, નમૂનેદાર નેતૃત્વનું ઉદાહરણ પૂરું પાડે છે.

**''પ્રોત્સાહન પૂરું પાડવાથી હતાશામાં પણ શક્તિનો સંચાર થાય છે.''**

## Present Reality

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ।।
(2-11)

You grieve for which more should grieve
On the top of that logic, you grieve
for those who left and didn’t leave.
See my friend, the Wise never grieve.

## વર્તમાન વાસ્તવિકતા

જ્યારે કોઈ સાથી-કાર્યકર હતાશામાં ડૂબે છે ત્યારે તે જે કાંઈ બની ચૂક્યું છે અને જે કાંઈ નથી બન્યું તે બાબતે દુઃખી થતો અને ચિંતા કરતો કરતો ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં સરવા લાગે છે. આ સમયે જવાબદાર નેતા સાથી-કાર્યકરને વર્તમાન વાસ્તવિકતામાં લઈ આવે છે.

સામાન્ય રીતે ચિંતાનું કારણ જે તે વ્યક્તિનાં પોતાનાં તર્કો અને માન્યતાઓ હોય છે. જવાબદાર નેતા ચિંતિત સાથીને તર્ક-વિતર્ક અને દાખલા-દલીલોની પેલે પારની વાસ્તવિકતામાં દોરી જાય છે અને શાણપણ દાખવી, આવી પડેલી વર્તમાન સ્થિતિનો સામનો કરવા અને યોગ્ય ઉકેલ શોધવામાં સહાયભૂત થાય છે.

**''જે બની ગયું છે તેનો સ્વીકાર કરવામાં અને**
**જે નથી બન્યું તેની ચિંતા ન કરવામાં ડહાપણ છે.''**

## Mutual Support

देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।
परस्परं भावयन्तः श्रेयः परमावाप्स्यथ ॥
(3-11)

Let the divine wish you well
Let you wish the divine well
Mutually wish you each other well
Reap then best and you live well.

## પરસ્પર આધાર

એકબીજાનો સ્વીકાર, પરસ્પર આધાર, શુભ ભાવના અને સઘન પ્રયત્નો-આ બધી બાબતો જવાબદાર નેતૃત્વના મુદ્રાલેખ સમાન છે. દરેક કાર્યકરની સંભાળ લેવા અને તેના કાર્યમાં સહભાગી થવા માટે જવાબદાર નેતાની સજ્જતાના આધારે કાર્ય કરતાં જૂથોનું સમગ્ર હિત હંમેશાં સચવાય છે કે નહીં તે સુનિશ્ચિત થાય છે. સફળ થનાર જૂથને સિદ્ધિ મેળવનાર વ્યક્તિઓ સફળતા માટે આશિષ પાઠવનારા અને ટેકો આપનારા પ્રત્યેકને હંમેશા યાદ રાખે તેમજ ઋણ સ્વીકારે તે ખૂબ જ જરૂરી છે. સફળતાનાં ફળોમાંથી સાથીઓને હિસ્સો આપવો તેટલું જ નહીં, પરંતુ સફળતાના શ્રેયમાં પણ સાથીઓને ભાગીદાર ગણવામાં આવે તો કોઈ પણ સફળતાને દૈવી સફળતાના સ્તરે લઈ જઈ શકાય. જ્યારે ટુકડી અને તેના સભ્યો પ્રગતિમાં સહાયરૂપ થનારાં અન્ય આનુષંગિક જૂથોના કાર્યકરોને સામેલ કરે ત્યારે આ પ્રગતિ સમગ્રપણે વૃદ્ધિ અને સમૃદ્ધિમાં રૂપાંતરિત થાય છે. પ્રગતિ અને સમૃદ્ધિ ઉત્તરોત્તર વધતી રહે છે અને સાથોસાથ સંવાદિતા ઘનિષ્ઠ બને છે.

**''આપો અને મેળવો.''**

## Leadership by Example

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
सयत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥
(3-21)

How behaves the best of men
so behave the rest of men
His example, they will show
saying “He did so! We do so!”

## ઉદાહરણ દ્વારા નેતૃત્વ

લોકો શ્રેષ્ઠ નેતાઓના ઉદાહરણને અનુસરે છે. નેતાઓની વર્તણૂક, ચારિત્ર્ય અને આચરણની અસર લોકોની વર્તણૂક ઉપર થાય છે. આથી નેતૃત્વ ધારણ કરીને બેઠેલા લોકોની બહુ મોટી જવાબદારી અને ફરજ થઈ પડે કે તેઓએ ઉત્તમ રીતે વર્તન કરવું. નેતાઓએ દાખલા બેસાડવાના છે અને ધોરણો નક્કી કરવાનાં છે, જેથી કરીને તેની ટુકડીના સભ્યો સાચી દિશામાં પ્રેરિત થાય. આ રીતે પ્રેરિત થઈને તેઓ શ્રેષ્ઠ વર્તન અને લક્ષ્યપ્રાપ્તિનો માર્ગ અપનાવશે અને પોતાની રીતે જવાબદાર નેતાઓ બનશે.

એક સારો નેતા વધુ સારા નેતાઓના વિકાસમાં મદદરૂપ થાય છે.

જ્યારે બીજી બાજુએ, અગ્રસ્થાનોએ રહેલા લોકો બેહૂદું અથવા અયોગ્ય વર્તન કરે ત્યારે તેઓનું અવલોકન કરતાં લોકોને તેઓના ખોટા આચરણને અપનાવે છે અને જાહેરમાં જણાવે છે કે તેઓના નેતાઓએ બેસાડેલા દાખલાઓને જ તેઓ અનુસરે છે. નેતાઓએ પોતાનાથી બની શકે તેટલું બધું જ ઉત્તમ કરી છૂટવું જોઈએ જેથી કરીને તેવું જ તેઓને પાછું મળે. સર્વોપરીત્વ વધુ સર્વોપરીત્વ લાવે છે.

**''નેતૃત્વ માર્ગ બતાવે છે પોતાના જ ઉદાહરણ દ્વારા''**

## Working Leader

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥
(3-22)

"Partha ! for me in three worlds
there are no pending works.
None to attain and none to do
still me work, I always do.

## કાર્યશીલ નેતા

એક જવાબદાર નેતા કોઈ ને કોઈ કાર્યમાં સતત મશગૂલ રહે છે.

કાર્ય એ એવું માધ્યમ છે કે જેના દ્વારા નેતા દરેકને પોતાની જવાબદારીઓ અદા કરવાના મહત્ત્વ વિશે સંદેશો પાઠવી શકે છે.

પોતાને સોંપવામાં આવેલું કાર્ય પરિપૂર્ણ થયા બાદ પણ નેતા પોતાનો ફાળો આપવાનું ચાલુ રાખે છે. આમ તે પોતાના યોગદાનને આહુતિ કે સમર્પણના સ્તરે લઈ જાય છે.

જે સોંપવામાં આવે તે કરવું એ ફરજ છે, એ તો કરવાનું જ છે. સંજોગો પ્રમાણે જે જરૂરી હોય તે કરવું એ યોગદાન છે. મૂલ્યોમાં ઉમેરો કરવાની આ ઉત્તમ તક છે. અન્ય કાર્યકરો પોતાનું કાર્ય સારી રીતે પૂરું કરી શકે તે બાબત લક્ષમાં રાખી તેઓને સહાયરૂપ નીવડે તે રીતે કાર્ય કરવું તે યજ્ઞમાં આહૂતિ આપવા સમાન છે. આમ કરવું તે એક દૈવી સેવા છે.

અમુક કાર્ય નેતાએ કરવાની જરૂર ન હોય છતાં પણ ઉદાહરણીય વ્યક્તિત્વ ધરાવતો નેતા પોતાનાથી બનતું બધું જ કરી છૂટે છે.

**‘‘પોતાનું કાર્ય એ જ નેતાના હસ્તાક્ષર છે.’’**

## Encouraging Leadership

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसोङ्गिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युत्क्तः समाचरन् ॥
(3-26)

Do not distrub the ignorant one,
Who does the work with attachment
can show him the way, intelligent one
by doing well with detachment.

## ઉમદા શિક્ષક

અંગત લાભ વિશે કશી જ ખેવના રાખ્યા વગર એક બુદ્ધિશાળી અને શાણો નેતા સતત સારું કાર્ય કરતો રહે છે. કાર્ય એ જ તેના માટે એક આનંદમય યાત્રા છે. તેણે કરેલાં કાર્યો દ્વારા થતાં અંગત ફાયદાઓ બાબતે અથવા તો મળનારા યશ સંદર્ભે આવો નેતા લેશમાત્ર લક્ષ આપતો નથી. આ રીતે પૂર્ણ કરેલું કાર્ય સમાજ માટે એક આહુતિ બની રહે છે. જો કે એવાં ઘણાં લોકો સમાજમાં જોવા મળે છે કે જેઓ કશુંક મેળવવા માટે અને માત્ર પ્રશંસા પ્રાપ્ત કરવાની અપેક્ષાથી જ કાર્ય કરતા હોય છે. બુદ્ધિશાળી નેતા આવા લોકોને બોધ આપીને કે વારંવાર રોકી-ટોકીને ખલેલ પહોંચાડતો નથી. પરંતુ ધીરે ધીરે હળવાશથી પોતાનું જ ઉદાહરણ આપીને ઉમદા યોગદાનના માર્ગે તેઓને લઈ જાય છે.

જ્યારે પરિણામ રૂપે મળેલાં ફળો સર્વે કાર્યકરો વચ્ચે વહેંચવાની તૈયારી રાખીને કોઈ પણ કાર્ય કર્યું હોય ત્યારે તે કાર્ય સમાજમાં થયેલું મહત્ત્વનું યોગદાન બની જાય છે અને તે કાર્ય વિરક્ત ભાવે થયેલું કાર્ય બની રહે છે. આમ, નેતા કે જે સાથી કાર્યકરોની સંભાળ લેતો હોય છે તે હંમેશા મેળવેલી સિદ્ધિઓ સાથી કાર્યકરો વચ્ચે વહેંચે છે.

''જે કાંઈ પ્રાપ્ત થાય છે તેની સાથે કાર્યકરોમાં વહેંચણી કરવી અને સાથી કાર્યકરોની હંમેશા સંભાળ લેવી.'' આ બંને બાબતો સર્વે ડાહ્યા અને ઉમદા નેતાઓની કાર્યપ્રણાલીનો એક ભાગ છે.

**''બુદ્ધિશાળી (નેતા) સંભાળપૂર્વક સતત પાછળ લાગીને**
**અજ્ઞાની (કાર્યકર)ને ઉપર ઊંચકે છે.''**

## Chaos and emerging Leadership

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
(4-7)

Whenever wherever the right is harmed.
Whenever wherever the wrong has formed.
When wrong is up and right is down,
Then Bharata ! ! come on my own.

## અરાજકતા અને પ્રગટતું નેતૃત્વ

જ્યારે જે ખરું છે તેનું પતન થાય છે અને જે ખોટું છે તે ઊંચે જાય છે ત્યારે અંધાધૂંધી ફેલાય છે. અંધાધૂંધી દરમ્યાન દરેક વ્યવસ્થાનો નાશ થાય છે અને અવ્યવસ્થા વધતી જ જાય છે. આવી પરિસ્થિતિમાં એક જવાબદાર નેતા સ્વયંસ્ફુરણાથી બહાર આવવાની પહેલ કરે છે. આ અરાજકતા દરમ્યાન નેતા જે કાંઈ કરે છે તે આત્મસ્ફુરણાથી જ કરે છે. અરાજકતા દરમ્યાન કોઈ કોઈને કશું સોંપતું નથી, પરંતુ ખોટાને દૂર કરવા અને ખરાની પુનઃસ્થાપના માટે કોઈ એક વ્યક્તિ સંપૂર્ણ જવાબદારી ઉપાડી લેતી હોય છે.

એક વાર જવાબદાર નેતૃત્વ બહાર આવે કે તરત જ બધા વિધેયાત્મક બળો તેની ફરતે ઘૂમવા લાગે છે અને જવાબદાર નેતા બહુ ઝડપથી તેમાંથી શક્તિ મેળવવા લાગે છે.

અરાજકતા દરમ્યાન કૂદી પડવું એ જ તેને દૂર કરવાની મુખ્ય ચાવી છે.

**''અરાજકતામાં જવાબદારીના સ્વીકાર દ્વારા એક નેતા બહાર આવે છે''.**

## Establishing Right

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।
(4-8)

“To protect the good and right men
to destroy the evil and wrong men
to establish the right at each stage.
I occur at right time, age by age.

## યથાર્થની સ્થાપના

ખરાબને પૂર્ણપણે દૂર કરી, ખરા માર્ગનું રક્ષણ કરવું એ જ જવાબદાર નેતૃત્વનો જીવનમંત્ર છે.

ફરજનિષ્ઠ નેતૃત્વનું ધ્યેય સહાયક અને રક્ષણાત્મક વાતાવરણની સ્થાપના કરવી તે જ હોય છે. અવારનવાર એવું જોવા મળે છે કે કોઈ પણ પરિસ્થિતિ વણસે છે ત્યારે સારી પ્રણાલી બિનઅસરકારક બની જતી હોય છે અથવા તો પ્રણાલી ખોટા આચરણથી હાનિકારક બની જતી હોય છે. જ્યારે વાતાવરણ ઉકળાટભર્યું જણાતું હોય ત્યારે હિંમતવાન નેતા કોણ જાણે ક્યાંથી એક ઈશ્વરદત્ત-જન્મદત્ત અનોખા બળ સાથે ઊભો થાય છે અને તત્ક્ષણ સક્રિય, અસરકારક અને વિધાયક અભિગમ અપનાવી મક્કમપણે પડકાર કરે છે.

''અત્યારે અહીં આ સંજોગોમાં હું અને હું એકલો જ દુરાચારને દૂર કરી સદાચારની સ્થાપના કરવાની જવાબદારી ઉપાડી લઈશ.''

આમ, કપરા કાળે પ્રગટ થયેલો અને કેડી કંડારનાર નેતા દિવ્ય નેતા છે.

**''એક જવાબદાર નેતા ખોટાને સુધારે છે અને ખરાની રક્ષા કરે છે.''**

## Knowledge - Fire

यस्ये सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणां तमाहुः पण्डितं बुधाः ।।
(4-19)

One who starts all this works,
completely free from all desires;
in fire of knowledge are treated whose works
he is called as learned by seers.

## જ્ઞાનનો અગ્નિ

દરેક જવાબદાર નેતા ઉચિત કાર્ય અને સોંપવામાં આવેલી કામગીરી સર્વના લાભ માટે હાથ ઉપર લઈ તેને પૂર્ણ કરે છે. કામગીરી શરૂ કરતાં પહેલાં પોતાને વ્યક્તિગત રીતે શું વળતર મળશે તેની લેશમાત્ર ઈચ્છા કરતો નથી.

હાથ ઉપર લીધેલું કાર્ય પાર પાડતાં જે કાંઈ પ્રાપ્તિ થાય છે તે સભ્યો વચ્ચે સરખે ભાગે વહેંચાઈને તેની પાસે તેના હિસ્સારૂપે આવે છે.

જવાબદાર નેતા પોતે કરેલાં કાર્યોને કારણે જરૂર કંઈક મેળવે છે, પરંતુ એવું કશુંક મેળવવા માટે જ તે કાર્ય કરતો નથી. જ્યારે વ્યક્તિ કોઈ પણ કાર્ય માત્ર પરિણામને નજર સામે રાખીને હાથ ઉપર લે છે ત્યારે તેનું ધ્યાન સમગ્ર અભિયાનમાંથી દૂર થઈને દુન્યવી વ્યવહાર અને વ્યક્તિગત લાભાલાભના અપૂર્ણ ધ્યેય તરફ દોરવાય છે.

જવાબદાર નેતા સમગ્રને આવરી લેવા અને સર્વેને સાંકળી લેતા અભિગમની સર્વોપરિતાને સારી રીતે સમજે, કારણ કે કાર્યોને પરિપૂર્ણ કરવાની વિવિધ રીતો વિશે નેતા જાણે છે. તેટલું જ નહીં, પરંતુ અમુક વિશિષ્ટ કાર્યો શા કારણથી પરિપૂર્ણ કરવાની જરૂર છે તેનું હાર્દ પણ જવાબદાર નેતા સમજે છે.

જવાબદાર નેતા જાણે છે કે તેણે શું કરવાનું છે, તે જાણે છે કે કાર્યકારણની સમજણ એ મેનેજમેન્ટ સાયન્સની મહત્ત્વની બાબત છે અને તે માટેની આવડત તેની ટેકનોલોજીનો ભાગ છે.

જવાબદાર નેતા મેનેજમેન્ટ સાયન્સ અને ટેકનોલોજીનો આદર્શ સમન્વય સાધીને, ગહન વૈચારિક ક્રાંતિ, એકાગ્રતા તેમજ જ્ઞાનના ત્રિગુણી સમન્વય દ્વારા તેનાં કાર્યોમાં નિખાર લાવે છે, જે તેને નવા વધુ સારા માર્ગો ખોળવામાં ઉપયોગી બને છે. ગહન વિચાર અને જ્ઞાનલક્ષી અભિગમ દ્વારા જવાબદાર નેતા વધુ સારા માર્ગો ખોળી કાઢે છે.

**''જ્યારે કાર્યને જ્ઞાનના અગ્નિમાં તપાસવામાં આવે છે ત્યારે તે પરિપુષ્ટ કાર્ય બને છે.''**

## Learning

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ।।
(4-34)

You may know that from seeing ones knowledgable and experienced ones by approaching and serving them, and with respect enquiring them.

## શીખવું

જવાબદાર નેતા જાણે છે કે 'શીખવું' એ જાતને સુધારવાની એક પ્રક્રિયા છે. જ્યાં સુધી વ્યક્તિ જાતે શીખે નહીં ત્યાં સુધી તેને અપાયેલું શિક્ષણ જરાયે મદદરૂપ થતું નથી. જ્યારે શીખનારને કંઈક વિશિષ્ટ પ્રાપ્ત કરવાની તાલાવેલી લાગે ત્યારે તેણે માર્ગ બતાવી શકે તેવા ગુરુની શોધ કરવી જ રહી. જ્ઞાનમાં રહી જતી કસર અને આવડતની અપૂર્ણતાના સંદર્ભે 'શીખવું' આવશ્યક બની રહે છે.

શિક્ષક કે ગુરુ આવા 'અવકાશ'ને પૂરવા માટે સહાયરૂપ નીવડશે. પૂર્ણ આદર, માનવતાપૂર્ણ વહેવાર અને ખુલ્લા મન સાથે શિષ્યે ગુરુને સાધવા જોઈએ તેવી ભલામણ જવાબદાર નેતાની હંમેશા હોય છે. જ્યારે શિષ્ય પૂરેપૂરા મનથી ગુરુને સ્વીકારે છે ત્યારે ગુરુ અદ્‌ભુત પ્રતિભાવ આપે છે અને પોતાની પાસેનું સર્વસ્વ શિષ્યને સોંપી દે છે. પરંતુ પ્રશ્ન એ થાય કે ગુરુ કોણ છે? જે જ્ઞાની પણ છે અને અનુભવી પણ છે તે જ ખરો ગુરુ છે. આ સત્યને જવાબદાર નેતા સારી રીતે જાણે છે.

અનુભવના આધાર વિનાનો કાર્યસિદ્ધાંત એ તો આત્માવિહીન અક્ષરો અને ઊંડાણ વગરના વિસ્તાર સમાન છે. કાર્યસિદ્ધાંતની જાણકારી વિના મેળવેલો અનુભવ એટલે જાણકારી વિના ઊડ-ઝૂડ કરેલું કાર્ય. માટે, કાર્યકારી સિદ્ધાંતની પૂરેપૂરી જાણકારી અને કાર્યનો અનુભવ બંને પૂર્ણ સમજ માટે અતિ આવશ્યક છે.

અનુભવની કપરી પ્રક્રિયામાંથી જે હેમખેમ ઊતર્યો છે અને જેણે જે - તે વિષયનો ખૂબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે તે વ્યક્તિ જ અન્યને કંઈક આપી શકે. પરંતુ શિક્ષક જે કાંઈ શીખવે છે તે તો શિષ્ય માટે અનુભવ વિનાનું ઉપલકીયું જ્ઞાન માત્ર છે. તેથી શિષ્ય કદી શિક્ષકના અનુભવ ઉપર આધાર રાખી શકે નહીં.

શિષ્યે તો પ્રાપ્ત કરેલા જ્ઞાનની સહાયથી વ્યવહાર કરવાનો છે અને સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ઊંડો અનુભવ મેળવવાનો છે. આમ કરવામાં આવે ત્યારે જ ખરો અભ્યાસ- સાચું શીખવાનું પૂર્ણ થાય છે. જવાબદાર નેતા પોતાના ક્ષેત્રમાં જ્ઞાની પણ છે અને અનુભવી પણ છે.

વિશાળ સંદર્ભમાં જોઈએ તો કંઈક પ્રદાન કરવા અને તેને વ્યવહારમાં પ્રયોજવા હંમેશા તત્પર રહેતો નેતા પણ અભ્યાસ માટે સતત ઉત્સુક રહેતો આજીવન અભ્યાસુ છે - શિષ્ય છે.

**''જ્ઞાન થકી શબ્દની જાણ થાય છે, અનુભવ થકી તેનો અર્થ ઉકેલાય છે.''**

## Devoted Master

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानंलब्ध्वापरां शान्तिमचिरेणाधिगच्छति ।।
(4-39)

Gets knowledge dedicated one
his own senses who has won
ultimated peace from knowledge comes
in shorter time prompty it comes.

## સમર્પિત ગુરુ

જવાબદાર નેતા સમર્પિત અને નિષ્ઠાવાન ગુરુ છે. તેના સમર્પિત પ્રયાસોના કારણે સંજોગો અને પહેલ કરવા વિશે બહુ જ ત્વરાએ સ્પષ્ટ જુએ છે અને પ્રાપ્ત કરે છે. ખરા પગલાંઓ જ ઊભરે તે માટે સ્પષ્ટતા આવશ્યક છે.

સ્પષ્ટતાનો અભાવ એ અવઢવ છે. અવઢવમાંથી ઊભી થતી ક્રિયાઓ બિનકાર્યક્ષમતા અને બિનઅસરકારકતા પ્રત્યે દોરી જાય છે. અવઢવ મનની શાંતિને ખલેલ પહોંચાડે છે, સ્પષ્ટતા મનની શાંતિ આપે છે અને મનની શાંતિ સ્પષ્ટતામાં વધારો કરે છે. મનની શાંતિ અને સ્પષ્ટતા એ તો જવાબદાર નેતાનાં સમર્પણ અને આત્મસંયમનાં પરિણામો છે.

જવાબદાર નેતા પોતાની ઈન્દ્રિયોથી નિયંત્રિત થતો નથી, પરંતુ તે પોતાની ઈન્દ્રિયોનો માલિક છે, કારણ કે તે સતત વિચારે છે અને સહેજપણ બુદ્ધિગમ્ય લાગે તેનું વિશ્લેષણ કરે છે તથા સામાન્ય બુદ્ધિ અને અસાધારણ બુદ્ધિ મારફત તે વિશેની પૂરેપૂરી સમજણ મેળવે છે. તે કારણ શોધે છે અને પોતાની આત્મસ્ફુરણા મારફત કારણથી ઘણે દૂર જુએ છે. આમ, જવાબદાર નેતા સમર્પણ-જ્ઞાન-બુદ્ધિગમ્ય વિચારો, સમજણ અને સ્પષ્ટતા મારફત શાંતિપૂર્ણ પ્રગતિની ચોકસાઈ કરે છે.

**''સમર્પિત નેતા સમર્પિત ટુકડી મેળવે છે.''**

## Dousbtless Stand

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ।।
(4-42)

Therefore destroy doubts in your heart
with knowledge sword in one spurt
established in yoga take a stand
Bharata! Get up and firmly stand.

## સંશયરહિત આધાર

અવઢવ અનુભવતા સાથીને સ્પષ્ટતાનો માર્ગ બતાવીને જવાબદાર નેતા તેનામાં શક્તિનો સંચાર કરે છે. પારદર્શકતા તરફ જવાનો માર્ગ એટલે સંદેહોનું નિર્મૂલન. સંદેહ નિષ્ક્રિયતા અને વિલંબનું મૂળ છે. સંશય કરતું મન એક પક્ષઘાતી મન છે.

સંશય વિરોધાભાસ તથા વિચારભેદ સર્જે છે અને વ્યક્તિ ''કરવું અને ન કરવું'' વચ્ચે લટકી રહે છે. સમય અને શક્તિનો દુર્વ્યય કરવામાં સંશય મહાન છે. સંશયોને તીક્ષ્ણ તલવાર વડે એક જ ઝાટકે જડમૂળથી કાપી નાખવાના છે. જ્ઞાન અને સમજણ એ એક એવી તલવાર છે જે સંશયને જડમૂળથી કાપી શકે છે.

સંશયગ્રસ્ત સાથી-કાર્યકરને અભ્યાસ કરવા, સંશોધન અર્થે ઊંડા ઊતરવા અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જવાબદાર નેતા માર્ગદર્શન આપે છે. જેથી અજ્ઞાન અને સંશય દૂર થાય. માહિતી, જ્ઞાન, વિચાર અને સમજણ વડે પ્રાપ્ત કરેલ પારદર્શકતાના બળે અડીખમ ઊભા રહેવા માટે જવાબદાર નેતા સાથી-કાર્યકરને પ્રોત્સાહિત કરે છે.

જ્યારે સંશયનો નાશ થાય છે ત્યારે વાદળો ખસી ગયાં બાદ ઝળહળતા સૂરજની જેમ જ ટુકડીના સભ્યો જ્ઞાનના પ્રકાશ વડે ચમકે છે.

**''સંશયરહિત સાથી-કાર્યકર નિષ્કલંક યોગદાતા છે.''**

## Total Concentration

तद्‌बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ।।
(5-17)

Thinking THAT self in THAT
aligned to THAT and aiming THAT
they attain the non-return path
who clean defects in knowledge path

## પૂર્ણ એકાગ્રતા

જવાબદાર નેતા પૂર્ણ એકાગ્રતા અને સમર્પણ વિશે જાણે છે અને નિષ્કલંક માર્ગનું રહસ્ય ટુકડીના સભ્યો સાથે વહેંચે છે.

સાધક કોઈ સાધ્ય વિશે વિચારે, લક્ષ્ય સાધે, પોતાનું જે કાંઈ છે તે સર્વસ્વ સાધ્ય માટે પ્રયોજે અને સ્વયંને એવી તીવ્રતા સાથે સાધ્યને સમર્પિત કરે કે સાથી સ્વયં જેવો જ ઉમદા બની જાય અને તેવું જ કુલીન જીવન જીવવા લાગે.

પરિપૂર્ણ એકાગ્રતા અને સર્વસ્વ હોમી દેવાથી પ્રયત્ન, ફરી પ્રયત્ન અને વધુ પ્રયત્નના ચક્કરમાં ફસાયા વિના સાથી સીધો જ સાધેલા લક્ષ્યાંકે પહોંચે છે.

પારાવાર પ્રયાસોની પ્રક્રિયા અને કાર્ય, કાર્યનો અસ્વીકાર, પુનઃકાર્યારંભના ઘણા ચકરાવાને આપવામાં આવેલી સર્વસ્વની આહુતિ દૂર કરે છે અને ખૂબ લાભકારક તથા અસરકર્તા ઢબે મૂળ આશય ફળીભૂત થાય છે.

જ્યારે પૂર્ણ એકાગ્રતામાં જ્ઞાન ઉમેરાય છે ત્યારે ઉત્કૃષ્ટતા અને પરિપૂર્ણતાની ત્વરિત અને પરિણામકારક પ્રાપ્તિ થાય છે. સમર્પિત અને જ્ઞાનપૂર્ણ કાર્ય અંતિમ સફળતાનો ધોરી માર્ગ છે.

**"જ્ઞાનપૂર્ણ એકાગ્રતા સર્વોત્કૃષ્ટતાની ઉપલબ્ધિ તરફ દોરી જાય છે."**

## Best Friend

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत ।
आत्मैवह्यातमनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥
(6-5)

Let one lift self by self
let down not self by self
self is best friend of self
self is worst enemy of self

## ઉત્તમ મિત્ર

જવાબદાર નેતા જાણે છે કે વ્યક્તિ પોતે જ પોતાનો ઉત્તમ મિત્ર છે, માર્ગદર્શક અને ટેકેદાર છે.

''સ્વયંમાં શ્રદ્ધા'' રાખવી એ જ વિશ્વાસપૂર્વક સફળ થવાનો રસ્તો છે.

પ્રથમ પોતે જ પોતાની જાતને વિકસાવવી પડે અને પછી તે પ્રયત્નમાં બીજા મદદ કરીને કંઈક યોગદાન કરી શકે.

ખરેખર તો માણસો પોતે જ પોતાને નીચે પડવા દેતા હોય છે કારણ કે તેઓ પોતાની જાતને સુધારવાનો આવશ્યક પ્રયાસ કરતા જ નથી.

તેથી એક જવાબદાર નેતા પોતે સતત વિકસે છે અને સુધરતો રહે છે. એટલું જ નહીં, પરંતુ પોતાની ટુકડીના સભ્યોને સ્વયં સુધારણા માટે પણ પ્રોત્સાહિત કરે છે. આ પ્રક્રિયા દરમિયાન તે અસરકારક સુવિધા પૂરી પાડનાર અને ટેકેદાર બને છે.

વાસ્તવમાં વ્યક્તિ પોતાના મનને નિયંત્રિત કરે છે. વ્યક્તિનું મન વ્યક્તિને કાબૂમાં રાખે છે તે બાબત ઉપર વ્યક્તિ પોતે જ પોતાનો ઉત્તમ મિત્ર બને છે કે વ્યક્તિ પોતે જ પોતાનો કનિષ્ઠ દુશ્મન બને છે તેનો આધાર છે.

મન સર્જનાત્મક પરંતુ ચંચળ સાથી છે. નિયંત્રિત અને સ્થિર મન ઉત્તમ મિત્ર છે. અનિયંત્રિત અને ચંચળ મન વ્યક્તિનું કનિષ્ઠ દુશ્મન છે. પોતાના બુદ્ધિ ચાતુર્ય વડે જવાબદાર નેતા પોતાના મનને તાબામાં રાખે છે. નેતાની સર્જનાત્મકતા વિશ્વસનીય છે અને નવોન્મેષ પ્રયોજવા યોગ્ય છે.

જવાબદાર નેતા એવા વાતાવરણનું સર્જન કરે છે કે જ્યાં લાગણી, અનુભૂતિ અને સંવેદનોમાં સંવાદિતા હોય અને જ્યાં લોકો શાંત મનથી કંઈક પ્રદાન કરે.

નેતા આવી સંવાદિતા સર્વે સભ્યોની સંભાળ લઈને તેમજ સ્નેહ દાખવીને સર્જે છે. વાસ્તવમાં જવાબદારીથી સભાન નેતા કે વિશ્વાસુ મિત્ર છે.

**''મનને નિયંત્રિત કરો અને પોતાના જ મિત્ર બનો.''**

## Empathetic Leadership

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥
(6-29)

All living being is his self
In all living beings his very self
sees yogi with harmonious self
sameness everywhere for that self.

## સમ્યક નેતૃત્વ

જવાબદાર નેતા સર્વોચ્ચ સમાનતા આચરે છે.

તે પોતાનાં બધાં જ લોકોને સમદૃષ્ટિથી જુએ છે અને સમાનતાથી સંભાળ લે છે. નેતા પોતાની જાતની જેટલી દરકાર કરે છે તેટલી જ દરકાર પોતાના લોકોની રાખે છે.

નેતા પોતાને મળતી સેવા અને સવલતો સમૂહના પ્રત્યેક સભ્યને મળે તે સુનિશ્ચિત કરે છે.

જવાબદાર નેતામાં સમદર્શનની ગુણવત્તા પૂરેપૂરી વિકસેલી હોય છે. આમ થવાનું કારણ એ છે કે તે પોતાની જાતમાં સમૂહના સભ્યોને નિહાળે છે અને સમૂહના સભ્યોમાં પોતાની જાતને જુએ છે. આ સમ્યક્ દર્શન છે. સમૂહના સભ્યોની બધી જ વિટંબણાઓ અને વિજયોમાં સહભાગી થઈ, નેતા ખરા અર્થમાં સાથી બની રહે છે.

આમ, જવાબદાર નેતા સ્વયં સાથે સંવાદિતામાં રહે છે અને સુનિશ્ચિત કરે છે કે સમગ્ર સમૂહ પણ સંવાદિતામાં છે.

**''સમ્યક દર્શન ઉત્કૃષ્ટ ગુણ છે.''**

## Reassuring Leadership

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
(6-40)

O Arjun! No harm befalls the person who undertakes a benevolent act, neither in this world nor hereafter. Such person is never subject to failure.

## આશ્વાસક નેતૃત્વ

જ્યારે સમૂહનો સભ્ય અર્ધે રસ્તે સંભવિત વિફળતાની આશંકાથી ભાંગી પડે છે ત્યારે જવાબદાર નેતા તેને આશ્વાસન પૂરું પાડે છે.

વિફળતાનો વિચાર વણનોતર્યા ભયને ઉત્પન્ન કરે છે. આ સંજોગોમાં જવાબદાર નેતા ખાતરી બંધાવે છે કે જ્યારે સાધન અને સાધ્ય શુદ્ધ હોય અને હાથ ઉપર લીધેલું કાર્ય સમાજના વિશાળ હિતમાં હોય ત્યારે વિફળતાના સંજોગોમાં પણ કોઈ જ હાનિ થવાની શક્યતા નથી.

કોઈ એક સમૂહ કાર્યના અંતે સફળ થાય કે નિષ્ફળ નીવડે તે બાબત જરા પણ મહત્ત્વની નથી, પરંતુ મહત્ત્વનું તો એ છે કે સમૂહનાં આશયો, સાધનો અને લક્ષ્યાંકો સમાજના કલ્યાણ અર્થે પ્રયોજાયેલાં હોય. પછી, નિષ્ફળતા સાંપડી હોય તેવા સંજોગોમાં પણ લોકો સમૂહના પ્રયાસોને સમજપૂર્વક સ્વીકારે છે કારણ કે લોકો જાણે છે કે સમૂહના આશયો કોશિશ કરવા યોગ્ય તો હતા જ.

વળી, એ પણ યાદ રાખવા જેવું છે કે, સફળતા કંઈ એક જ પ્રહાર કરવાથી પ્રાપ્ત થતી સિદ્ધિ નથી. સફળતા એ તો પ્રત્યેક નિષ્ફળતા બાદ સતતપણે કરવામાં આવતાં સુધારા-વધારાનું પરિણામ છે. દૃઢ નિર્ધાર ધરાવતો સમૂહ ખામીઓ ખોળી કાઢે અને પ્રમાણિક સાધનો તથા પદ્ધતિઓ દ્વારા ઉત્કૃષ્ટ ધ્યેય સિદ્ધ કરવા તત્પર બની વધુ સારું કામ કરે છે.

જ્યારે નિષ્ફળતા કે અપયશનો ભય દૂર થાય છે ત્યારે આવનારાં પરિણામોને અવગણીને પ્રબળ જુસ્સાથી કાર્યરત થવા માટે સમૂહના સહુ સભ્યો સંચારિત થાય છે.

જવાબદાર નેતાની દૃષ્ટિએ, પરિણામોની સરખામણીમાં પ્રક્રિયાનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે તે જાણે છે કે લાંબા ગાળે સારી ને સાચી પ્રક્રિયા જ ખરો વિજય અપાવે છે.

**''ખોટા હેતુ માટે કાર્યરત થઈ સફળ થવા કરતાં**
**ઉમદા હેતુ માટે કાર્યરત રહી નિષ્ફળ થવાનું સ્વીકાર્ય છે.''**

## Value Adding Leadership

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनंज्जया ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।।
(7-7)

There is nothing greater than me
There is nothing higher than me
All these worlds are strung on me
Like diamonds on strings, now you see!

## મૂલ્યવર્ધક નેતૃત્વ

જવાબદાર નેતા જાણે છે અને સ્વીકારે છે કે જેની ઉપર જવાબદારી નાખી શકાય કે અપયશ ઢોળી શકાય તેવું કોઈ જવાબદાર વ્યક્તિ અન્ય નથી.

ઉકેલ શોધવાની, નિર્ણયો લેવાની અને પગલાં ભરવાની જ્યાં અનિવાર્યતા છે ત્યાં નેતા પોતે જ આખરી બિંદુ થવામાં કોઈ જ હિચકિચાટ અનુભવતો નથી.

ક્યારેક પણ તે 'પેલો' છે તેમ ન કહેતાં સ્પષ્ટતાથી એમ જ કહે છે તે 'હું' જ છું. આ અભિગમના કારણે લોકો તેની ઉપર ભરોસો રાખે છે અને પ્રાપ્ત થયેલા જબરદસ્ત ટેકાને જોરે વધુ જોખમો ઉઠાવવા તથા પહેલ કરવા તત્પર રહે છે.

દરેક સભ્યને એક જ સંગઠનમાં જોડી, એક ઉચ્ચ મૂલ્ય ટુકડી રૂપે બહાર લાવવા માટેના અદશ્ય બળની ભૂમિકા જવાબદાર નેતા અદા કરે છે. આ જોડાણને કારણે સમગ્ર ટુકડીમાંથી ઊભું થતું બળ ટુકડીના દરેક સભ્યની વ્યક્તિગત શક્તિના ગુણાકાર કરતાં ક્યાંય વધારે હોય છે.

જવાબદાર નેતાની હાજરીમાં સર્જાતી સહિયારી જવાબદારીની ભાવના જ વ્યક્તિગત પ્રયત્નોને એક સંયુક્ત સાહસમાં જોડી રાખે છે.

આમ સહિયારી જવાબદારીની સમજ સાથે પ્રત્યેક તેજસ્વી સભ્ય એક તેજ પુંજ સ્વરૂપે વધુ કિંમતી અને મૂલ્યવાન યોગદાતા તરીકે ઝળહળે છે.

**''સમૂહને એક મૂલ્યવાન ટુકડીમાં રૂપાંતર કરે તે નેતૃત્વ.''**

## Super Vision

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौंतेय जगद्विपरिवर्तते ।।
(9-10)

Nature, under supervision of 'Me',
produces moving, non-moving see!
Because of the fact, this very one
world revolves then, kunti's son

## અધ્યક્ષ દૃષ્ટિ

જવાબદાર નેતાની હાજરીમાત્રથી કાર્ય ચાલતાં રહે છે અને પરિણામો મળતાં રહે છે.

નેતાની સર્વગ્રાહી દૃષ્ટિ, વ્યાપક અવલોકન અને સમગ્ર દેખરેખની સમૂહના બધા સભ્યોમાં સતર્કતા, સભાનતા અને સંચેતના ઉદ્ભવે છે. લોકો જાણે છે અને ઉત્કૃષ્ટપણે કામગીરી કરે છે.

જવાબદાર નેતા જુએ છે, નિરીક્ષણ કરે છે, ઝીણવટથી તપાસે છે, ખ્યાલ બાંધે છે અને વિભિન્ન સંજોગોમાં ઊભી થતી શક્યતાઓ, સંભાવનાઓ અને લાભપ્રદતાને પારખે છે. શું થયું છે, શું થઈ રહ્યું છે, શું થઈ શકે અને સર્વોત્તમ શું થવું જોઈએ તેનું કલ્પનાચિત્ર તે ઊભું કરે છે. આ દૃષ્ટિને, આ અભિગમને નેતાની અધ્યક્ષદૃષ્ટિ કહેવાય.

જ્યારે નેતા સાર્વત્રિક લાભ માટેની પોતાની દૂરંદેશિતા જનસમૂહ માટે પ્રયોજે છે ત્યારે લોકો સંપ્રેરિત થાય છે અને સર્વે કાર્યો સાહજિકતાથી સંપન્ન થવા લાગે છે.

ઘટનાઓ ઘટતી હોય છે બે રીતે. કેટલાક ફેરફારો સંક્રામક કે અલ્પકાલીન હોય છે, કેટલાક સ્થાયી અને દીર્ઘકાલીન હોય છે. જવાબદાર નેતા સંક્રામક પરિવર્તનોને જાણે છે, સમજે છે અને આવાં પરિવર્તનોની અસ્થાયી અવસ્થાનો વધુમાં વધુ લાભ લેવા માટે સમૂહને સજ્જ કરે છે. લાંબાગાળાનો સ્થાયી ફેરફારો-સંદર્ભે જવાબદાર નેતા સુનિશ્ચિત કરે છે કે સુગઠિત સમૂહ જ અનુકૂલન સાધી શકે, આજનો સ્વીકાર કરી શકે, આવતીકાલની પરિસ્થિતિમાં ધ્યેય પ્રાપ્ત કરી શકે.

નેતાની ઉપસ્થિતિ એટલે સંપૂર્ણ સમજણ અને સમગ્ર ઉત્તરદાયિત્વ.

**''અધ્યક્ષ દૃષ્ટિ એ ઉત્કૃષ્ટ દૃષ્ટિ છે.''**

## Roles

गतिर्भर्ताप्रभुः साक्षीनिवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥
(9-18)

Goal, supporter, lord, witness; me
shelter, refuge, well wisher; me
origin and also end is me
treasure, imperishable seed is me.

## ભૂમિકા

જવાબદાર નેતા બહુમખી વ્યક્તિત્વ ધરાવે છે અને પરિસ્થિતિની માંગ અનુસાર અનેક ભૂમિકાઓ ભજવે છે. ક્યારેક તે પથદર્શક હોય છે અને ક્યારેક તે અંતિમ સ્થાન બની રહે છે, જ્યાં બધાં કાર્યો પૂર્ણતા પામે છે.

ક્યારેક તે મુખ્ય વડા તરીકે વર્તે છે અને ક્યારેક માત્ર અવલોકનકર્તા અને સાક્ષી હોય છે. ક્યારેક તે આશ્રયસ્થાન અને ક્યારેક અંતિમ ઉકેલોનું સ્થાન બની રહે છે. તે એક શુભેચ્છક અને મિત્ર છે.

અગત્યનાં આયોજનો અને કાર્યક્રમોના પ્રારંભમાં અને પૂર્ણતાના તબક્કામાં પણ તે ઉપસ્થિત હોય છે.

જવાબદાર નેતા ઉકેલો અને આધારભૂત સ્રોતનો ખજાનો છે.

જવાબદાર નેતા એક એવું બીજ છે જેમાંથી ટુકડીનું વૃક્ષ પાંગરે છે જે ઉમદા સંબંધોના પર્ણો, સુંદર કલ્પનાઓનાં પુષ્પો અને ભાવિ નેતૃત્વના બીજથી ભરપૂર સત્કર્મોનાં ફળોથી લચી પડે છે.

એક જવાબદાર નેતા સુયોગ્ય રીતે યથોચિત ભૂમિકા ભજવે છે.

**‘‘સોંપવામાં આવે તે કાર્યભાર છે તથા આવશ્યકતા અનુસાર (ભજવાતો) પાઠ ભૂમિકા છે.’’**

## Welfare

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥
(9-22)

Who worship in none-other way me
who are eternally devoted to me
who are well aligned to me
their welfare, takes care me.

**કલ્યાણ**

સમર્પિત, એકચિત અને સમગ્રપણે એક જ ધ્યેયની દિશા વિશે ચિંતન ધરાવે છે એવા ટુકડીના સભ્યોની એક જવાબદાર નેતા પૂરી કદર કરે છે, એટલું જ નહીં, પણ તેઓના અનુગ્રહીત પણ છે.

તેથી જ તો નેતા તેઓના યોગક્ષેમ, સ્વાસ્થ્ય અને સંપત્તિ, પ્રગતિ, વિકાસ, વૃદ્ધિ અને સમૃદ્ધિની પૂરેપૂરી જવાબદારી ઉપાડી લે છે. સમર્પિત પ્રયાસવીરોને સમૃદ્ધિ સુલભ બને તે સુનિશ્ચિત કરે છે. તેઓની ભૌતિક, માનસિક એ બૌદ્ધિક સ્તરની પૂર્ણતા માટે ઉચિત વાતાવરણનું નિર્માણ નિશ્ચિત કરે છે. તેઓનું 'હોવું' પૂર્ણરૂપે દિવ્ય અસ્તિત્વ બની રહે તે માટે મદદ કરે છે.

એકમેકનો ટેકો અને અસરકારક પરસ્પરાવલંબન આ બંને બાબતો જવાબદાર નેતૃત્વની અને જવાબદાર ટુકડીની ઓળખ બની રહે છે.

**''લોક-કલ્યાણ અર્થે સહભાગિતા અને સંભાળ.''**

## Effortful Offerings

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतम् श्नामिं प्रयतात्मनः ।।
(9-26)

A leaf, flower, fruit or waters, may be
with devotion whoever offers to me
that devotee's effortful offering to me
I accept with love, now you see!

## પ્રયાસપૂર્ણ તર્પણ

સહભાગીઓ દ્વારા લાવવામાં આવેલાં પરિણામોની યાત્રા વિષે જવાબદાર નેતા ચિંતિત હોતો નથી. નેતા માટે કાર્ય પ્રત્યે સમર્પણની ગુણવત્તા વધારે મહત્ત્વની છે.

કોઈ પણ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા માટે સમર્પણ અને આવડત આ બે મુખ્ય જરૂરિયાત બની રહે છે. સમર્પણ વિનાની આવડત તર્પણ નથી. તો આવડત મેળવી શકાય છે. સમર્પણ વિનાની આવડત તો વ્યાપાર સાબિત થઈ શકે.

આવડત વગરનું સમર્પણ વ્યાપની શક્યતા વગરના ઈરાદા બરોબર છે.

સમર્પણ અને આવડત રહિત કરવામાં આવેલું કાર્ય હલકું કાર્ય છે. સમર્પણ અને આવડત સહિતનું કાર્ય ઉત્કૃષ્ટ અને ઉદાહરણીય કાર્ય છે. આવું કાર્ય એક તર્પણ છે. તેથી કોઈ ગમે તે કાર્ય કરે, નાનું કે મોટું, સ્થળ ઉપરનું કાર્ય કે અન્યત્ર આયોજન સંભાળવાનું કાર્ય, સંશોધન કે પરિયોજનાનું કાર્ય, ઉત્પાદન-વિતરણ કે ભંડોળ-ફાળવણી - જ્યારે પૂર્ણ સમર્પણના એક માત્ર વિચારથી કોઈ કાર્ય કરે ત્યારે જવાબદાર નેતા તે કાર્યનાં પરિણામોને પૂર્ણપ્રેમ અને અનુગ્રહપૂર્વક સ્વીકારે છે.

કાર્યનો સહભાગી જ્યારે સમર્પિત હોય ત્યારે હંમેશા જવાબદાર નેતા જે કોઈ ફલશ્રુતિ હોય તેને સપ્રેમ, ભરોસાપૂર્વક અને કદર સાથે સ્વીકારે છે.

જવાબદાર નેતા માટે ઈરાદાઓ મહત્ત્વના છે, નહીં કે માત્ર પરિણામ.

**''સમર્પણ સાથે કરેલું કાર્ય પૂજા છે.''**

## Vision

पश्य मे पार्थ रुपाणि शतशोऽथसहस्त्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ।।
(11-5)

Partha see forms of me
hundreds and thousands see
different different ones
multishaped, coloured ones.

## દૂરદર્શિતા

જવાબદાર નેતા સહસ્રદૃષ્ટિ દ્વારા સાથીઓને પ્રેરણા આપે છે. જવાબદાર નેતા પાસે પૂર્ણતાનું દર્શન છે, એટલું જ બલકે સહકર્મચારીઓમાં પણ આ સમગ્રદૃષ્ટિ વિકસે તે માટે નેતા મદદરૂપ થાય છે.

દૂરદર્શિતા પ્રેરક છે, દૂરદર્શિતા જીવનધ્યેય પ્રગટાવે છે. જીવનધ્યેય પરિપૂર્ણ કરવા માટે સમૂહે તે મુજબ કાર્યો કરવાનાં રહે છે.

દૂરદર્શિતા કે દૂરંદેશીપણું એ હજારો સંભાવનાઓનાં સંખ્યાતીત સંયોજનોથી સર્જાતા ભાવિ દશ્યોને અગાઉથી ક્રમબદ્ધ જોઈ લેવાથી વિશેષ કશું નથી.

''દૂરંદેશીપણું'' સામાન્ય ઈન્દ્રિયોથી પર છે. તે માટે અતીન્દ્રિય શક્તિ આવશ્યક છે.

ચર્ચાઓ, સંવાદ, ગોષ્ઠિ, વિકલ્પોની વિચારણા અને નિર્ણયોને માત્ર તાર્કિક સીમામાં બાંધી ન રાખતા, જવાબદાર નેતા સભ્યોને સર્જનાત્મક રીતે જુદા જ દૃષ્ટિકોણથી બિનતાર્કિક રીતે વિચારવા અને વિવિધ સંયોજનો, સ્વરૂપો અને આકારો ધરાવતાં અસંખ્ય દશ્યોથી કલ્પના કરવા માટે પ્રેરણા આપતો રહે છે.

જવાબદાર નેતાની ઉપસ્થિતિ માત્રથી વાતાવરણ સાહસપૂર્ણ, નવોન્મેષી અને સર્જનાત્મક જુસ્સાથી ભરપૂર થઈ જાય છે.

સૌના સહયોગથી સંપન્ન થયેલાં સુયોગ્ય કાર્યો વડે પ્રાપ્ત થતાં પરિણામો સુનિશ્ચિત કરવા માટે જવાબદાર નેતા અને સમૂહ, દૂરદર્શિતા અને જીવનધ્યેયની જેમ જ એકમેકમાં ઓતપ્રોત થઈ જાય છે.

**''દૂરંદેશી અશક્ય કલ્પે છે, ધ્યેયનિષ્ઠ તેને સાકાર કરે છે.''**

## Devotional Love

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्धाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥
(12-20)

Right way this, immortal way
follows who, this proper way
dedication full, who thinks ‘me’
devoted he is, very dear to me.

**અનન્ય ભાવ - પ્રેમ**

જવાબદાર નેતા પોતાનો પ્રેમ સ્પષ્ટપણે અને સહજરીતે વ્યક્ત કરે છે. જ્યારે સહકર્મીઓ સમજણ તથા ભક્તિભાવ સાથે સાચો માર્ગ અપનાવે ત્યારે જવાબદાર નેતા તેની કદર કરે છે, તેટલું જ નહીં, કાયમ માટે કૃતજ્ઞ બની રહે છે.

નેતા અને સમૂહના સભ્યોને સાંકળતી સ્નેહની કડી અતૂટ છે. સાથીદારોને આ કડીનો પ્રેમ વિશ્વાસ અપાવે છે અને પ્રેરણા આપે છે. સમર્પિત યોગદાતા જવાબદાર નેતાનો અતિપ્રિય મિત્ર છે.

**''ભક્તિ પ્રગટાવે પ્રેમ, પ્રેમ પ્રગટાવે ભક્તિ.''**

## Leaderships from the Heart

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ॥
(13-17)

Light of lights shines everywhere
beyond all darkness, bright everywhere
knowable knowsledge, and its goal
seated in all hearts, ultimate goal.

## હૃદયસભર નેતૃત્વ

જવાબદાર નેતા સભ્યોને મન-તર્ક-પ્રણાલી અને વિચારના સ્તરે જ જોડે છે, તેટલું જ નહીં પણ અસ્તિત્વના ઊંડાણમાં જઈ હૃદયોને એક કરે છે. અર્થાત્ સર્વનાં હૃદયને જોડે છે.

જ્યારે સભ્યો એકમેકને હૃદયપૂર્વક સ્વીકારે ત્યારે સમૂહ પૂર્ણ રીતે સંવાદિતામાં હોય છે. હૈયાં એક હોય ત્યારે ઐક્ય, મિત્રતા અને પ્રેમનું વાતાવરણ સંગઠનના ખૂણે ખૂણે પ્રસરે છે.

હૃદયથી જોડાયેલા સભ્યો ભાવપૂર્ણ કાર્યો થકી હાર્દિક સુખનો અનુભવ કરે છે. લોકોનાં હૃદયમાં પ્રસરેલી પરસ્પર પ્રત્યેના પ્રેમની શક્તિ એટલે જ આંતરપ્રકાશ. આ જ જ્ઞાન છે. મૂળભૂત રીતે જે જાણવું જરૂરી છે તે આ જ છે. હૃદયના જોડાવાથી સભ્યો સમાન અને સહભાગી બને છે અને આ સમાનતા જ જ્ઞાનનું લક્ષ છે.

આમ જવાબદાર નેતા તથા તેનો સમૂહ એક બને છે. હાથ-પગ-મગજ-મન અને હૈયાં એક સાથે જોડાઈને મહત્ત્વનું યોગદાન આપે છે.

સંવાદિતા અને સુખ આવા સમૂહનો ખજાનો છે.

**''હસ્ત, ચરણ, શિર, હૃદય એક બને,**
**સુખી, સંવાદી, માનવતાસભર સમાજ બને.''**

## Empowering Freedom

ईति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥
(18-63)

This knowledge was declared to you
secret of secrets be me to you
reflection upon it now fully do you
as per your choice may act you.

## અધિકારીય સ્વતંત્રતા

જવાબદાર નેતા સભ્યોને પસંદગીની સ્વતંત્રતા મળે તેની ખાત્રી આપે છે. જે કાંઈ કરવાનું છે તે કેવી રીતે કરવાનું છે તેનું પૂરેપુરું જ્ઞાન, તેની માહિતી અને તેના વિચારો રજુ કરે છે, પણ આખરી વિકલ્પ તો કાર્ય કરનાર ઉપર જ છોડે છે.

નેતા સભ્યને પોતાની રીતે વિચારવા તેમજ પ્રાપ્ત વિકલ્પો ગણતરીમાં લેવા અને પોતે કાઢેલાં તારણો અનુસાર શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરવા કહે છે. આમ, સાચો નેતા સમૂહ ઉપર પોતાના વિચારો ઠોકી બેસાડતો નથી, પરંતુ સર્જાયેલી પરિસ્થિતિની જુદી જુદી બાજુઓને રજૂ કરે છે અને પસંદગી અનુસાર કાર્ય કરવાનું સભ્યોની ઉપર છોડે છે.

''અધિકારિતા'' empowerment એ શું કરવાનું છે તે પસંદ કરવાની સ્વતંત્રતા છે.

''અધિકાર-નિયુક્તિ'' delegation એટલે કાર્ય કઈ રીતે સંપન્ન કરવું તે નક્કી કરવાનો અધિકાર આપવો.

''અધિકારિતા'' પ્રદાન કરવામાં કાર્યની પસંદગીની સાથોસાથ કાર્ય કઈ રીતે સંપન્ન કરવું તેનો નિર્ણય કરવાની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે.

જવાબદાર નેતા સ્વાતંત્ર્યની અધિકારિતા બક્ષે છે. અધિકારિતા પ્રાપ્ત સમૂહ આથી ઉચિત કાર્ય અને ઉચિત માર્ગ પસંદ કરે છે. અધિકાર પ્રાપ્ત સભ્યો જ્યારે યોગ્ય કાર્ય અને યોગ્ય માર્ગ અપનાવે છે ત્યારે તેઓ પોતે જ જવાબદાર નેતાઓ બની જાય છે.

ત્યારબાદ નેતા અને સમૂહ વચ્ચે કોઈ જ ફરક જ રહેતો નથી.

**''અધિકારિતા સમર્પિત સભ્યોને જવાબદાર નેતામાં રૂપાંતરિત કરે છે.''**

## Final Point

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥
(18-66)

Leaving fully all other ways ye
Take shelter only in me
Removing difficulties, all, whole lot
Freedom gives me you grieve not.

## અંતિમ સ્થાન

જવાબદાર નેતા તેના સાથીઓને દઢ વિશ્વાસ અપાવીને અંતિમ ખાત્રી અપાવે છે કે સમૂહના નેતા તરીકે, આવી પડેલી સ્થિતિમાં પોતે સામેલ થશે, એટલું જ નહીં, પરંતુ સર્વે સમસ્યાઓનાં સમાધાન પણ શોધી કાઢશે.

આમ, જવાબદાર નેતા સમૂહના સભ્યોને પૂર્ણ પ્રેમ, અધિકારનિયુક્તિ, અધિકારિતા અને ભરોસો આપીને અંતિમ ઉત્તરદાયિત્વ પોતાના પર જ રાખે છે. તે પોતે કદી પણ જવાબદારીમાંથી છટકતો નથી અને સભ્યોને જ્યારે પણ જરૂર પડે ત્યારે પીઠબળ પૂરું પાડે છે.

આ ખાત્રી સભ્યોમાં શક્તિનો સંચાર કરે છે. (પછી) તેઓ અભિયાનમાં જોડાઈ જાય છે અને સઘળા પ્રશ્નોનો સામનો કરતાં કરતાં તેના આદર્શ ઉકેલો શોધીને હાથ-ધરેલું અભિયાન પૂરું કરે છે. કારણ કે જવાબદાર સમૂહના સભ્યો પૂરી રીતે સમજે છે કે અન્ય બધા રસ્તાઓ અપનાવીને આદરેલા પ્રયાસો અને મથામણો થકી કાર્ય કર્યા પછી જ નેતા પાસે જઈ શકાશે.

નેતાએ આપેલી ખાત્રી એક સુરક્ષા કવચનું કામ કરે છે અને તેમનામાં સતત એક એવી ભાવના પ્રવર્તે છે કે બધું જ ગુમાવ્યા છતાં કશું જ ગુમાવ્યું નથી. આ ખાત્રી અને આ સુરક્ષાકવચ મેળવ્યા પછી વાસ્તવમાં કંઈ જ ગુમાવવાનું રહેતું નથી અને સઘળું પ્રાપ્ત થાય છે.

જવાબદાર નેતૃત્વ અને સમૂહની હિંમત તથા નિષ્ઠા એ તો વિજયી સમૂહના પાયાનો પથ્થર છે.

**''જ્યારે હોય નહીં એકેય માર્ગ ત્યારે છે નેતા જ એક માર્ગ.''**

## Successful Team

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ।।
(18-78)

Where there is krishna the great Master,
Where there is Arjuna the great achiever,
there, prosperity, success, policy, right
there is also growth that is my sight.

## સફળ ટુકડી

ખરો નેતા અને સાચો સાધક તેમજ ઉચિત પથદર્શક અને સમર્પિત યોગદાતાથી બનતી જોડી યોગ્યતમ છે, જેના દ્વારા સમૃદ્ધિ, સફળતા, ઉચિત નીતિધોરણો અને વૃદ્ધિ સુનિશ્ચિત થાય છે.

સાથીઓ વગરના નેતાઓ પાસે સ્વપ્નોને સાકાર કરવા અને તેને જીવનકાર્યમાં રૂપાંતરિત કરવા માટે કોઈ ઉપાય નથી. નેતૃત્વ વિનાના લોકો કોઈ દિશા ધરાવતા નથી. ''અસરકારક નેતૃત્વ અને યોગદાતા ટુકડી'' એક સર્વોત્તમ જુગલબંદી છે. દિશા અને ગતિશીલતા તેમજ જીવનસ્વપ્ન અને જીવનકાર્યની આ જુગલબંદી છે. જ્યારે નેતા સ્વપ્નદૃષ્ટા હોય છે ત્યારે યોગદાતા સાથીઓ ધ્યેયનિષ્ઠ છે.

જવાબદાર નેતા મુખ્ય પથદર્શક પ્રકાશસમાન અને યોગદાન આપતા સાધકો એક ઈંધણ સમાન છે. શક્તિશાળી ચાલકબળ પ્રખર પથદર્શક પ્રકાશના સથવારે અસાધારણ પ્રગતિ સાધી શકે છે.

નેતા અને ટુકડીએ સાફલ્ય અને સમૃદ્ધિ જ નહીં, પરંતુ યોગ્ય નીતિમત્તાનાં ધોરણો અને સુદ્રઢ વૃદ્ધિ પણ સુનિશ્ચિત કરવાનાં છે. સુદૃઢ વૃદ્ધિ એટલે એવી સર્વાંગી વૃદ્ધિ કે જેમાં પ્રત્યેકની વ્યક્તિગત પ્રગતિ, વિકાસ અને સમૃદ્ધિની સાથોસાથ સમગ્ર સમૂહની વૃદ્ધિ પણ સામેલ હોય.

યોગ્ય નીતિધોરણો એવી માર્ગદર્શિકા છે જે બધા જ વિચારો, જીવન સ્વપ્ન સાકાર કરવા માટેના જીવનકાર્યની દિશામાં જ સંવાદિતા અને સ્પષ્ટતા સાથે પ્રયોજાય તે સુનિશ્ચિત કરે છે.

સર્વના સર્વાંગી કલ્યાણની સાથોસાથ દૂરદૃષ્ટિ અને અંતઃદૃષ્ટિ પણ સિદ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે સંવાદિતા અને સ્પષ્ટતા આવશ્યક છે.

**''દિશા અને ગતિશીલતાનો સુમેળ સર્જે - સંવાદિતાપૂર્ણ પ્રગતિ.''**



| | | |
|---|---|---|
| **નામ** | : | અશોક પંડ્યા |
| **જન્મ તારીખ** | : | ૧૨-૧૧-૧૯૫૧ |
| **શિક્ષણ** | : | એમ.એસ.સી., એલ.એલ.બી.,<br>સર્ટીફિકેટ ઈન કોમ્પ્યુટર એપ્લિકેશન |
| **સંપર્ક** | : | ''વંદના'', ૨૯ વિદ્યાનગર,<br>ચિતરંજન ચોક, ભાવનગર-૩૬૪૦૦૨<br>મોબાઈલ - ૭૬૦૦૦૫૧૮૮૦<br>ઈ-મેઈલ - anpandya1951@gmail.com |
| **વ્યવસાય** | : | નિવૃત્ત ચીફ મેનેજર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા |
| **અનુભવ** | : | ૩૫ વર્ષથી વધુનો બેકીંગ ક્ષેત્રનો અનુભવ. |
| **રસ** | : | સાહિત્ય (કાવ્યલેખન, વિવેચન, વાંચન),<br>મંચ સંચાલન, ઉદ્‌ઘોષક, સંગીત,<br>ફોટોગ્રાફી, પ્રવાસ-પર્યટન |

# વિચારવલોણું પરિવાર

વીસમી સદીમાં વિજ્ઞાન અને ટૅકનોલોજીનો ખૂબ વિકાસ થયો. તેમાંયે છેલ્લાં પચ્ચીસેક વર્ષમાં ટૅકનોલોજી આપણા જીવનનાં દરેક ક્ષેત્રોમાં પ્રસરી ગઈ છે, એણે જીવનની ગતિને આપણી જાણ બહાર વધારી દીધી છે. આપણી પાસે હજારેક વર્ષની જીવંત સાંસ્કૃતિક પરંપરા છે, જેની અસર આપણા વિચારોમાં, વર્તનમાં અનાયાસ ડોકાયા કરે છે. ઉપરાંત વિકસિત દેશોની અસરથી પણ આપણે મુક્ત નથી.

આપણી આજની મથામણ છે આ પરંપરા, વિજ્ઞાન અને ટૅકનોલોજી અને વિદેશી અસર, આ બધા વચ્ચે મેળ બેસાડી સ્વસ્થ રીતે જીવવું. 'વિચારવલોણું પરિવાર' એવા લોકોનો પરિવાર છે, જેના પ્રયાસો છે કે -

- વૈજ્ઞાનિક અભિગમ સાથે જીવનની જરૂરિયાતો અને પ્રશ્નોને ઓળખીએ, સમજીએ અને 'આજ'ના સત્યની શોધનો પ્રયાસ કરીએ.
- નવા વિચારોને, નવાં અર્થઘટનોને સાંભળવાની, સમજવાની, સ્વીકારવાની ક્ષમતા કેળવીએ.
- કોઈ વ્યક્તિ-વિચારધારાના ચોકઠામાં બંધાઈ ન જવાની સજાગતા રાખીએ.
- વિરોધી વિચારને ઉગ્રતા વગર સાંભળવાની, સમજવાની ધીરજ રાખીએ.
- આપણને ગમતા વિચારોના પ્રચારક ન બનતાં પ્રસારક બનીએ.
- સર્વગ્રાહી, માનવકેન્દ્રી વિચારોને આચરણમાં મૂકી એની કસોટી કરતા રહીએ.
- પોતાની વાત રજૂ કરતી વખતે વિચારશુદ્ધિની, ભાષાના યોગ્ય ઉપયોગની, અનાગ્રહની અને બિનજરૂરી વિસ્તારના જોખમની કાળજી રાખીએ.
- વિશ્વસમસ્તમાં ઊઠતાં વિચારવમળોથી અવગત રહીને એને સમજવા પ્રયત્નશીલ રહીએ.
- અવિરત ચાલતી આ વિચારવલોણાની પ્રક્રિયામાં વધુ ને વધુ લોકોને સહજ સામેલ કરીએ.
- સૌંદર્યદૃષ્ટિ કેળવીએ.
- વ્યક્તિગત આગ્રહો છોડીને સમૂહમાં સ્વસ્થપણે જીવવા પ્રયત્ન કરીએ.
- પ્રકૃતિને પ્રેમ કરતા એને માણતા શીખીએ અને આપણા પર્યાવરણનું જતન, સંવર્ધન કરીએ.

**આપ સર્વેને આ પરિવારમાં જોડાવાનું આમંત્રણ છે.**